Gujarat Chamber of Commerce & Industry

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

19 મે, 2021/7221

શ્રી સંદીપ સાગલે, IAS
માનનીય કલેક્ટરશ્રી
અમદાવાદ જિલ્લો.

**વિષય: COVID-19 ના દર્દીઓ માટે ઓક્સિજનની માગમાં ઘટાડો થયેલ હોવાથી ઇન્ડસ્ટ્રીને ઓક્સિજન આપવાની મંજૂરી આપવા વિનંતી**

માનનીયશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

આપશ્રી દ્વારા છેલ્લા 2-3 મહિનાથી રાજ્યમાં COVID-19 નું સંક્રમણ વધવાને કારણે ઓક્સિજન ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોને અન્ય ઉદ્યોગોને 40% થી વધુ ઓક્સિજન આપવા પર તા. 5 એપ્રિલ, 2021 ના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્રના અનુસંધાને પ્રતિબંધ લાગુ કરવામાં આવેલ છે અને માત્ર મેડિકલ વપરાશ માટેજ બાકીના 60% ઓક્સિજનનું ઉપયોગ કરવાનો હુકમ આપવામાં આવેલ છે. ઓક્સિજન ઉત્પાદન કરતા એકમોએ સમયની માગને જોતા અને મહામારીને કાબુમાં લાવવાના સરકારશ્રીના પ્રયત્નોને પુરેપુરો ટેકો આપવાના ઉદ્દેશથી મંજુર કરેલ 40% ઓક્સિજન પણ મેડિકલ વપરાશ અર્થે જ આપ્યું છે જેને કારણે છેલ્લા દોઢ મહિનાથી ઉદ્યોગોને તેમના ઔદ્યોગિક વપરાશ માટે ઓક્સિજન મળેલ નથી.

સાહેબશ્રી, અન્ય ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર ઉપરોક્ત પ્રતિબંધને કારણે પરવાનગી હોવા છતાં ઘણા ઉદ્યોગોને બંદ રહેવું પડેલ છે કારણ કે તેમની ઉત્પાદન પ્રક્રિયામાં ઓક્સિજન ખુબજ મહત્વનું ભાગ ભજવે છે. જે ઉદ્યોગો ચાલુ છે તેમજ સિલિન્ડર રિફીલલિંગ સ્ટેશનો પણ તેમની કુલ ક્ષમતાના માત્ર 50% જેટલી ક્ષમતાએ જ કાર્યરત છે. આને કારણે તેમને ખુબ મોટું આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. વધુમાં આ પ્રતિબંધને કારણે દૈનિક પગાર ધોરણને કામ કરતા મજૂરો અને કામદારોને ખુબ મુશ્કેલીઓ પડી રહી છે અને તેઓ રાજ્ય છોડી જવા લાગ્યા છે.

હવે જયારે રાજ્યમાં COVID-19નું સંક્રમણ ઘટવા પામેલ છે અને ઓક્સિજનની માગ ઓછી થયેલ છે ત્યારે ઓક્સિજન ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોને અન્ય ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર પ્રતિબંધ દૂર કરવાની તાતી જરૂરિયાત છે. જો આવું નહિ કરાય તો ઉદ્યોગો અને ખાસ કરીને MSME એકમો વધુ પડતા આર્થિક ભારણ અને ઉત્પાદન પ્રક્રિયા પુરી નહિ કરી શકવાને કારણે પડી ભાંગશે.

તેથી આ પ્રતિબંધ તાત્કાલિક દૂર કરી ઉદ્યોગોને અન્ય ઉદ્યોગોને ઔદ્યોગિક વપરાશ માટે ઓક્સીજન આપવાની છૂટ આપવામાં આવે તેવી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

નટુભાઈ પટેલ
પ્રમુખ

Natubhai Patel
President

Hemant N. Shah
Sr. Vice President

K. I. Patel
Vice President

Pathik S. Patwari
Hon. Secretary

V. P. Vaishnav
Hon. Secretary (R)

Sachin K. Patel
Hon. Treasurer

Shri Ambica Mills - Gujarat Chamber Building, Ashram Road, Ahmedabad- 380009. INDIA. | +91 - 79 - 2658 2301-2-3-4 | gcci@gujaratchamber.org | www.gujaratchamber.org

**Gujarat Chamber of Commerce & Industry**

ગુજરાત વેપારી મહામંડળ ૧૯૪૯ થી કાર્યરત

19 મે, 2021 /7219

**શ્રી એચ.જી. કોશિયા**
માનનીય કમિશ્નરશ્રી
ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ એડમિનિસ્ટ્રેશન
ગુજરાત સરકાર
ગાંધીનગર.

Natubhai Patel
President
Hemant N. Shah
Sr. Vice President
K. I. Patel
Vice President
Pathik S. Patwari
Hon. Secretary
V. P. Vaishnav
Hon. Secretary (R)
Sachin K. Patel
Hon. Treasurer

**વિષય: COVID-19 ના દર્દીઓ માટે ઓક્સિજનની માગમાં ઘટાડો થયેલ હોવાથી ઇન્ડસ્ટ્રીને ઓક્સિજન આપવાની મંજૂરી આપવા વિનંતી**

માનનીયશ્રી,

આપની કુશળતા ઇચ્છુ છું.

આપશ્રી દ્વારા છેલ્લા 2-3 મહિનાથી રાજ્યમાં COVID-19 નું સંક્રમણ વધવાને કારણે ઓક્સિજન ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોને અન્ય ઉદ્યોગોને 40% થી વધુ ઓક્સિજન આપવા પર તા. 5 એપ્રિલ, 2021 ના સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પરિપત્રના અનુસંધાને પ્રતિબંધ લાગુ કરવામાં આવેલ છે અને માત્ર મેડિકલ વપરાશ માટેજ બાકીના 60% ઓક્સિજનનું ઉપયોગ કરવાનો હુકમ આપવામાં આવેલ છે. ઓક્સિજન ઉત્પાદન કરતા એકમોએ સમયની માગને જોતા અને મહામારીને કાબુમાં લાવવાના સરકારશ્રીના પ્રયત્નોને પુરેપુરો ટેકો આપવાના ઉદ્દેશથી મંજુર કરેલ 40% ઓક્સિજન પણ મેડિકલ વપરાશ અર્થે જ આપ્યું છે જેને કારણે છેલ્લા દોઢ મહિનાથી ઉદ્યોગોને તેમના ઔદ્યોગિક વપરાશ માટે ઓક્સિજન મળેલ નથી.

સાહેબશ્રી, અન્ય ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર ઉપરોક્ત પ્રતિબંધને કારણે પરવાનગી હોવા છતાં ઘણા ઉદ્યોગોને બંદ રહેવું પડેલ છે કારણ કે તેમની ઉત્પાદન પ્રક્રિયામાં ઓક્સિજન ખુબજ મહત્વનું ભાગ ભજવે છે. જે ઉદ્યોગો ચાલુ છે તેમજ સિલિન્ડર રિફીલલિંગ સ્ટેશનો પણ તેમની કુલ ક્ષમતાના માત્ર 50% જેટલી ક્ષમતાએ જ કાર્યરત છે. આને કારણે તેમને ખુબ મોટું આર્થિક નુકસાન ભોગવવું પડી રહ્યું છે. વધુમાં આ પ્રતિબંધને કારણે દૈનિક પગાર ધોરણને કામ કરતા મજૂરો અને કામદારોને ખુબ મુશ્કેલીઓ પડી રહી છે અને તેઓ રાજ્ય છોડી જવા લાગ્યા છે.

હવે જયારે રાજ્યમાં COVID-19નું સંક્રમણ ઘટવા પામેલ છે અને ઓક્સિજનની માગ ઓછી થયેલ છે ત્યારે ઓક્સિજન ઉત્પાદન કરતા ઔદ્યોગિક એકમોને અન્ય ઉદ્યોગોને ઓક્સિજન આપવા પર પ્રતિબંધ દૂર કરવાની તાતી જરૂરિયાત છે. જો આવું નહિ કરાય તો ઉદ્યોગો અને ખાસ કરીને MSME એકમો વધુ પડતા આર્થિક ભારણ અને ઉત્પાદન પ્રક્રિયા પુરી નહિ કરી શકવાને કારણે પડી ભાંગશે.

તેથી આ પ્રતિબંધ તાત્કાલિક દૂર કરી ઉદ્યોગોને અન્ય ઉદ્યોગોને ઔદ્યોગિક વપરાશ માટે ઓક્સીજન આપવાની છૂટ આપવામાં આવે તેવી અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

Nnpatel

**નટુભાઈ પટેલ**

**પ્રમુખ**